તારીખ ૦૧-૦૭-૨૦૧૩ થી મોંઘવારી ભથ્થાના દરમાં સુધારણા.

ગુજરાત સરકાર,
નાણાં વિભાગ,
ક્રમાંકઃ વલભ-૧૦૨૦૧૩-જીઓઆઇ-૦૯-ચ
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૧૮ / ૧૦ / ૨૦૧૩

વંચાણે લીધોઃ- (૧) નાણાં વિભાગનો તા.૨૭-૦૨-૨૦૦૯ નો સરકારી ઠરાવ નં.પગર-૧૦૦૯/૬/પે સેલ (મ)
(૨) ભારત સરકારનો તા.૨૫/૦૯/૨૦૧૩ નો ઓફિસ મેમોરેન્ડમ ક્ર.૧-૮/૨૦૧૩-ઇ-II (બી)

## ઠ રા વ

નાણાવિભાગના તા.૨૩/૦૫/૨૦૧૩ ના ઠરાવ ક્ર.વલભ-૧૦૨૦૧૩/જીઓઆઇ/૦૨/ચ થી કર્મચારીઓને ૮૦% મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા.૦૧/૦૭/૨૦૧૩ થી ૧૦% વધારો કરીને નીચે પ્રમાણે ચુકવવાનુ નક્કી કરેલ છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર. |
|---|---|
| તારીખઃ ૦૧-૦૭-૨૦૧૩ થી | મૂળ પગારના ૯૦% |

૨. આ હુકમો હેઠળ મોંઘવારી ભથ્થું વિનિયમિત કરતી વખતે નાણાં વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ ના સરકારી ઠરાવ નં.પીજીઆર-૧૦૦૯/૬/પે સેલ (મ) ના ફકરા નં.૩ અને ૪ માં આપેલી જોગવાઇઓ અગાઉની જેમ જ લાગુ પડશે.

૩. મોઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે. અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

૪. આ હુકમો હેઠળ ચૂકવવા પાત્ર થતો મોંઘવારી ભથ્થાનો વધારાનો હપ્તો તારીખઃ ૦૧/૦૭/૨૦૧૩ થી રોકડમાં ચૂકવવામાં આવશે.

૫. પેન્શનરોને આ તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

૬. એન.પી.પી.એ મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના હાલના ૧૦% વધારાના લાભની ગણત્રી પગાર સુધારણા નિયમો-૨૦૦૯ મુજબ તથા નાણાં વિભાગ (પ.એ.) ના તા.૨૫/૬/૨૦૧૦ ના ઠરાવ ક્ર.નં.પીજીઆર-૧૦૦૯/૮/પે સેલ અને નાણાં વિભાગ (પ.એ.) ના તા.૧/૯/૨૦૧૦ ના ઠરાવ ક્ર.પીજીઆર-૧૦૧૦/૫૧/પે સેલ તથા

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x

જા.નં.આકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ-૨/૫૭૫૫ /૧૨
તા. ૧૯/૧૦/૨૦૧૩

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮ ૧૧૦.

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. આ યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ તરફ.
૨. આ યુનિવર્સિટીના સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.
૩. વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.

નકલ રવાના:

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આકૃયુ,આણંદ.
૨. હિસાબી અધિકારીશ્રી(કેશ),આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.

૨/- આ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે સરકારશ્રીના આ સાથે સામેલ તા.૧૮.૧૦.૨૦૧૩ ના ઠરાવ નં.વલભ-૧૦૨૦૧૩-જીઓઆઈ-૦૯-ચ,ની શરતોને આધીન રહી **જુલાઈ-૨૦૧૩ થી ઓક્ટોબર-૨૦૧૩ સુધીના** મોંઘવારી ભથ્થાના એરીયર્સના બીલો અલગ અલગ એટલે કે પ્લાન/નોન પ્લાન/અધર એજન્સી/આઈસીએઆરના તૈયાર કરીને વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદને **મોડામાં મોડા** *તા.૨૫.૧૦.૨૦૧૩* સુધીમાં અત્રેની કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક

DESKTOP/GUJLETTER